# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૬/ક્વા-૨/૨૧-૨૨/૫૨૮૮-૫ તા.૦૯-૦૯-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : **સખીયા જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ** ગામ: **રાજકોટ**

પેટા વિભાગીય કચેરી : વાવડી

રજૂઆત કરનાર : **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩

રજૂઆત કરનાર : કા.વા. કાર્યપાલક ઈજનેર શ્રી એન.ડી.રૂઘાણી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર ટેકનીકલ - શ્રી પી.એચ.માવાણી

૩) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૦૭-૦૯-૨૦૨૧ (મંગળવાર)

**૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૭-૦૭-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર હાજર રહેલ ન હતા તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી એસ.જી.સોજીત્રા નાયબ ઈજનેર (ટેક), પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી-રાજકોટ શહેર-૩ હાજર રહેલ હતા અને તેમની સાથે શ્રી પી.એ.વિઠલાપરા જુનીયર ઈજનેર પી.જી.વી.સી.એલ. પેટાવિભાગીય કચેરી-વાવડી રાજકોટ હાજર રહેલ હતા. જેથી અરજદારને વધુ એક તક આપવા માટે સદર કેસની ફરી વખત સુનાવણી તા.૦૭-૦૯-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓ ૦૪ કીવોનું થ્રી ફેઇઝ વીજજોડાણ વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. તેઓ દ્વારા તા.૧૪.૧૦.૨૦૨૦ ના રોજ SR નં.૧૩૧૬૮૬૫૦ થી રૂ.૪૭૨/- ભરી હયાત ૦૪ કીવો માં ૦૪ કીવો નો લોડ વધારો માંગેલ હતો. સદર લોડવધારા માટેનું ભાવપત્રક રૂ.૩૯૮૫૯/- તા.૦૩.૧૧.૨૦૨૦ ના રોજ રસીદ નં. VUSD-૧૭૨૧૬ થી ભરપાઈ કરેલ તેમજ તા.૨૪.૧૧.૨૦૨૦ ના રોજ ટેસ્ટરીપોર્ટ ભરી આપલે જેના રસીદ નં.-૭૮૫૨૪૦ છે.

૨.૧ અરજદાર દ્વારા નવા વીજજોડાણ કે લોડવાધારાના ચાર્જ વિષે સંલગ્ન કચેરી ખાતે પૂછવામાં આવ્યું ત્યારે પેટાવિભાગીય કચેરી માંથી જવાબ મળેલ કે – અરજી કરી દો ભાવપત્રક આવે ત્યારે ભરપાઈ કરી દેજો અત્યારે અમો ખર્ચ પેટેની રકમ જણાવી ન શકીએ.

૨.૨ વધુમાં લોડવધારાનું ભાવપત્રક તથા ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ કર્યા બાદ અરજદારને જાણમાં આવેલ કે સદર ભાવપત્રક પી.જી.વી.સી.એલ.ના નિયમ વિરુદ્ધ છે. ત્યારબાદ અરજદાર દ્વારા વાવડી પેટાવિભાગીય કચેરીના જુનીયર ઈજનેર પટેલ સાહેબને ભાવપત્રક બાબતે અવાર નવાર રજૂઆત કરવા છતાં સંતોષકારક જવાબ મળેલ નહિ.

૨.૩ ત્યારબાદ અરજદાર દ્વારા જયારે ૦૪ કીવોનું નવું વીજજોડાણ લેવામાં આવેલ ત્યારે રૂ.૧૬૯૩૧/- ડીપોઝીટ પેટે ભરપાઈ કરેલ. ત્યારબાદ ૦૪+૦૪=૦૮ કીવો માટે તેઓ દ્વારા રૂ.૩૪૦૫૯/- ડીપોઝીટ ભરપાઈ કરેલ. આમ અરજદાર દ્વારા કુલ રૂ.(૧૬૯૩૧+૩૪૦૫૯)=૫૦૯૯૦ ડીપોઝીટ ભરપાઈ કરેલ. પરંતુ વીજબીલમાં સદર ડીપોઝીટની રકમ રૂ.૩૩૮૬૨/- જોવા મળેલ છે.

૨.૪ સદર બાબતે અરજદાર દ્વારા તા.૧૭.૦૨.૨૦૨૧ ના રોજ સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે પણ અરજી આપેલ તેમજ અવાર-નવાર મૌખીક રજૂઆત પણ કરેલ પરંતુ નિયમ વિરુદ્ધ વધારાની ભરેલ ડીપોઝીટની રકમ રીફંડ મળેલ ન હોય, અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે વાવડી કચેરી હેઠળ અરજદાર ગ્રાહક નં ૩૪૫૧૩/૪૩૬૨૫/૫ થી ૦૪ કીવોનું એન.આર.જી.પી. કેટેગરીનું વીજજોડાણ ધરાવે છે.

૩.૧ અરજદાર દ્વારા તેઓના ૦૪ કીવોના હૈયાતમાં ૪ કી.વો ના લોડવધારાની અરજી અન્વયે તા.૧૪.૧૦.૨૦૨૦ના રોજ એસઆર નંબર ૧૩૧૬૮૬૫૦ રસીદ નંબર ૮૭૬૭૯૯ થી રૂ.૪૭૨/- રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઈ કરેલ.

૩.૨ ઉપરોક્ત બાબતે વાવડી પેટા વિભાગીય કચેરી દ્વારા લોડ વધારાનું અંદાજપત્રક આઉટવર્ડ નંબર ૧૭૨૧૬ તા.૦૩.૧૧.૨૦૨૦થી આપેલ હતું. જેમાં અંદાજપત્રની રકમ (૧) એગ્રીમેન્ટ ચાર્જ ૩૦૦/- (૨)ફિક્સચાર્જ ૫૫૦૦/- (૩)સિક્યોરીટી ડીપોઝીટ ૩૪૦૫૯/- મળીને કૂલ રકમ ૩૯૮૫૯/- હતી. પરંતુ અંદાજપત્રમાં ૦૪ કી.વો.ની ડીપોઝીટ બાદ કરવાની રહી ગયેલ હોય અરજદારને અંદાજપત્ર રીવાઈઝ કરી આપેલ. જેમાં અંદાજપત્રની રકમ (૧) એગ્રીમેન્ટ ચાર્જ ૩૦૦/- (૨) ફિક્સચાર્જ ૫૫૦૦/- (૩) સિક્યોરીટી ડીપોઝીટ ૧૬૯૩૧/- મળીને કૂલ રકમ ૨૨૭૩૧/- હતી. આ રીવાઈઝ કરેલ અંદાજપત્ર અરજદાર દ્વારા તા.૧૩.૧૧.૨૦૨૦ના રોજ રસીદ નંબર ૭૮૩૪૫૩ થી ૭૮૩૪૫૫ ભરપાઈ કરેલ છે.

3.3 વધુમાં કોઇપણ ગ્રાહક દ્વારા વાવડી પેટાવિભાગીય કચેરીમાં અંદાજપત્ર વિશે પૂછવામાં આવે છે ત્યારે પ્રવર્તમાન નિયમ મુજબ પ્રાથમિક માહિતી આપવામાં આવે છે. સદર અરજદારને વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદાર દ્વારા ભરવામાં આવેલ લોડવધારાના ભાવપત્રક વિશે વિસ્તૃત સમજણ આપેલ.

૩.૪ આમ અરજદાર દ્વારા ભરેલ સિક્યોરીટી ડીપોઝીટ નવા વિજજોડાણ વખતે રૂ.૧૬૯૩૧/- તથા લોડવધારા વખતે રૂ.૧૬૯૩૧/- મળીને ભરેલ કૂલ ડીપોઝીટ રૂ.૩૩૮૬૨/- છે. જે અરજદારના વિજબીલમાં છે જે યોગ્ય છે. તેમજ અરજદારને ડીપોઝીટની રકમ પરત આપવાની થતી નથી. સદર બાબત અરજદારને રૂબરૂ સમજાવતા અરજદાર દ્વારા જણાવેલ કે ભાવપત્રકની રકમ બાબતે સમજણ ફેર થયેલ હોય જેથી કોઈ ફરિયાદ રહેતી ન હોવાથી અરજદાર દ્વારા તા.૦૪-૦૯-૨૧ના સમાધાન પુરસીસમાં સહી કરી આપેલ છે જે ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોક્ત મુદ્દા નં. ૨.0 થી ૨.૪ મુજબની અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારનાં મુદ્દા નં ૩.૪ મુજબ અરજદારની લેખિત સમંતિ તા.૦૪-૦૯-૨૧ હેઠળ અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૪.૨ આમ ફોરમ કમિટી કક્ષાએથી કાર્યવાહી કરવાની રહેતી ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (પી.એચ.માવાણી) | (જે.બી.પારેખ) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |